સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

પેટ્રોલ ને ડિઝલના ભાવ હૈયાં બાળ્યા કરે છે!
કરે આંખ આડા કાન ગરીબોને ટાળ્યા કરે છે!
પાળ્યા કરે છે હેઠે 'વિકાસ'નાં ઉડતાં પંખીને -
ઉફ્ફટ સંતાન જેમ શીંગડાં ભરાવ્યા કરે છે!
(બેલગામ ભાવ-વધારો)

સળગાવશે
આ પેટ્રોલ - ડિઝલ -
અર્થતંત્રને...
(સીતાબેનની અગ્નિપરીક્ષા)

છપ્પનની છાતી,
એ-કે છપ્પન સામે
હસતા રહો!
(છપ્પન વર્ષે - સફળ લગ્નતિથિ)

હાઈકુ

ચિંતન

દાને તપસિ શૌર્ય ચ વિજ્ઞાને વિનયેનયે ।
વિસ્મયો ન હિ કર્તવ્યો બહુરત્ના વસુન્ધરા ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

આચાર્ય ચાણક્ય કહે છે કે મનુષ્ય માત્રમાં ક્યારેય પણ ઘમંડની ભાવના ના હોવી જોઈએ. બલ્કે મનુષ્યે દાન, તપ, વીરતા, પંડિતતા, શીલવાન અને નીતિનિપુણતાનો ક્યારેય ઘમંડ ના કરવો જોઈએ, કારણ કે આ ધરતી પર એકથી એક ચડિયાતા દાની, તપસ્વી, વીર, અને પંડિત અને નીતિનિપુણ વરેંગે છે. શેરને માથે શવાશેર હોય જ છે. આથી કોઈ પણ કાર્યક્ષેત્ર વગેરેમાં પોતાને અતિ વિશિષ્ઠ માનવું મૂર્ખતા છે. આ ઘમંડ જ મનુષ્ય માત્રના દુઃખનું કારણ બને છે અને તેને લઈ ડૂબે છે.

સુવિચાર

- કોઈની ખુશી માટે આપણે નિમિત્ત બનીએ તે જ શ્રેષ્ઠ કર્મ - **એસ. ભટ્ટાચાર્ય**
- સચ કો તમીઝ હી નહીં બાત કરને કી, જૂઠ કો બોલો કિતના મીઠા બોલતા હૈ - **જનાર્દન સાહુ**
- અજંપો અને ઈચ્છા બંને અલગ અલગ બાબત છે, ઈચ્છા જુસ્સામાંથી પેદા થાય છે અને આ જુસ્સાને શોધવામાં અજંપો કારણભૂત બને છે - **ફુલછાબ**
- નફરત કમાવી સહેલી નથી આ દુનિયામાં... લોકોની આંખોમાં ખટકવા માટે પણ આપણામાં કંઈક ખૂબી હોવી જોઈએ - **મોરારિ બાપુ**
- શંકાનો નકશો લઈને બધાને શ્રદ્ધા સુધી જવું છે, પણમાં પાપની ધૂળ છે છતાંય, સ્વર્ગ સુધી જવું છે - **એસ.એસ. રાહી**
- 'લખાણ' ખોટું હશે તો સુધારી લેવાશે, પણ 'લખ્ખણ' ખોટા ને નથી સુધારી સકતો - **ધર્મલોક**
- આજનું ઔષધ : પાંચ પીપળાના પાન ધોઈને પાણીમાં પલાળી રાખવા. બીજે દિવસે ત્રણવાર આ પાણી પીવાથી હૃદયની બીમારીમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સંત રવિદાસ ગામની બહાર ઝૂંપડીની આસપાસ નાના પાયે ખેતી કરી ગુજરાન ચલાવતા. દુષ્કાળ પડે તો જાત મજૂરી કરીને ગુજરાન ચલાવતા. કદી ભિક્ષા ન લેતા. એકવાર દુકાળના સમયમાં ત્રણ સાધુ આવ્યા અને કંઈક ભોજનની ઈચ્છા કરી. સંતે કહ્યું, 'દુકાળની પરિસ્થિતિ છે અને મને ક્યાંક મજૂરી મળી નથી આથી મારા માટે પણ આજે ઉપવાસ ની સ્થિતિ છે.' સાધુએ કહ્યું, અરે, આ ગ્રામજનો તમારા ભોજનનો પ્રબંધ કરતા નથી ?? તમને ભિક્ષા આપતા નથી? હરિદાસે કહ્યું, 'આ ગામના લોકો તો ખૂબ ભલા છે, માગુ એટલી ભિક્ષા અને ભોજન મળે તેમ છે પણ હું ભિક્ષા સ્વીકારતો નથી. ખેડૂતો તનતોડ મહેનત કરીને અનાડ ઉગાડે છે તેમની એ મહેનતની કમાણી હું મફતમાં કંઈ રીતે લઈ શકું?' સાધુએ કહ્યું 'એમાં શું? આપ તો સાધુ છો, દાન-દક્ષિણા સ્વીકારવા આપનો અધિકાર છે. તમારે મહેનત કરવાની જરૂર નથી.' હરિદાસે જવાબમાં કહ્યું, 'મારું માનવું છે કે એક સાધુએ પણ પોતાની ક્ષમતા અને મહેનતથી જીવનયાપન કરવું જોઈએ, શા માટે આપણે બીજાની કમાણી ઉપર આધાર રાખવો જોઈએ ? આપણે આપણા આચરણથી બીજાને માટે ઉદાહરણ પ્રસ્તુત કરવું જોઈએ. પરિશ્રમથી દૂર ભાગનારી પરમાત્માની ઉપાસનાનો કોઈ અર્થ નથી, શ્રમમાં જ સાધુતા છે.'

હરિદાસનો ઉત્તર સાંભળીને અતિથિ સાધુઓ નિરુતર બની ગયા!

મનપામાં મતદાતાની નારાજગી

તંત્રીસ્થાનેથી...

છેલ્લા કલાકોમાં થાળી-વેલણ અને દાંડી પીટીને તથા ઘેર ઘેર પહોંચી જઈ મતદાતાઓને બૂથ સુધી પહોંચાડવાના નુસખા અજમાવવા પડ્યા અને ગૃહપ્રધાન તથા મુખ્યમંત્રીએ મતદાતાઓને તથા કાર્યકર્તાઓને અપીલ કરવી પડી તેમ છતાં મહાનગરપાલિકાઓના મતદાતાઓએ રાજકારણીઓને આપવા જોગ સંદેશ જ આપી જ દીધો. તથાકથિક બોગસ વોટિંગ પછી પણ મતદાન અમદાવાદમાં ૪૨.૫૩ ટકા પર સમેટાઈ ગયું. જામનગરમાં એ જરૂર ૫૩.૫૪ ટકા સુધી પહોંચી શક્યું. કોરોના સંક્રમણને લીધે અટવાયેલી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી અગાઉ ક્યારેય નહોતી એટલી રસાકસીવાળી બની રહી હતી. અગાઉ ફક્ત કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે જ ટક્કર થતી એને બદલે આ વખતની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને ઓવૈસી જેવા ફેક્ટર ઉમેરાયા છે. વળી કોંગ્રેસ સાવ જ કંગાળ સ્થિતિમાં હોવા છતાં મુખ્ય પ્રતિસ્પર્ધી તરીકે તો ભાજપ સામે એની જ હાજરી વરતાઈ છે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ સી. આર.પાટીલે અમલમાં મૂકેલી 'પેજપ્રમુખ' પ્રચાર શૈલીને કારણે મતદાનમાં ભારે ઉછાળો આવશે એવી અપેક્ષા સેવાતી હતી, પણ એવું કશું થયું નથી. મતદાતાઓએ એમના મતાધિકારને અનામત રાખીને રાજકારણીઓને લપડાક મારવાની તક ઝૂંટવી લીધી છે. પચાસ ટકાથી ઓછું મતદાન થાય એનો અર્થ એ જ નીકળે કે શહેરના અડધોઅડધ કરતાં વધુ મતદાતાઓનો રાજકારણીઓનાં કોઠાંકબાડાં પ્રત્યે સખત નફરત છે. ફક્ત માઈક્રોપ્લાનિંગ દ્વારા મતદાતાઓને પોતાના તરફ આકર્ષી શકાતા નથી તે સ્પષ્ટ થઈ ગયું છે. ભાજપના નેતાઓ દાવા કરે છે એમ કદાચ છ એ છ મહાનગરપાલિકાઓ એમની પાર્ટી કબજે કરી લે તો પણ પ્રજાની અંદર એમના પ્રત્યે ઘૂંઘવાટ છે એ તો સ્પષ્ટ થઈ જ ચૂક્યું છે. જો એમ ન હોત તો પ્રજાએ ઉમળકાભેર બમ્પર મતદાન કર્યું હોત. બમ્પર મતદાન થાય એ હેતુસર જ પેજ પ્રમુખો વાળો નુસખો અજમાવાયો હતો તે સર્વવિદિત છે. પણ પ્રજાને રાજકીય આગેવાનો ફક્ત સત્તા ટકાવી રાખવાના એક મુદ્દાના કાર્યક્રમમાં રસ ન જ હોય તે સ્વાભાવિક છે. એને વર્તમાન શાસન પર ભારે રોષ છે. એ રોષ એણે બૂથ પર ઉમેદવારો સાથે 'સોશિયલ' અને 'પોલિટિકલ' ડિસ્ટંસ જાળવીને વ્યક્ત કર્યું છે. ફક્ત કમિટેડ પ્રતિબદ્ધ મતદાર સમૂહોએ જ સ્વેચ્છાએ મતદાન મથક પર કતારો લગાવી છે. દાખલા તરીકે ભાજપને ખભે ઊંચકી ફરનારા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો અથવા ઓવૈસીને આવકારવા માગતો લઘુમતી સમાજ. બાકીના મતદારોને ખેંચીને લઈ જવા પડ્યા છે અને અડધ ઉપરાંત તો ઘર બહાર નીકળ્યા જ નથી. માસ્ક નહીં પહેરવા બદલ દંડ ભરનારાઓ પૈકી કેટલા મતદાતાઓ માસ્ક પહેરીને મતદાન કરવા ગયા હશે તે સરવે કરવા જેવો છે ! રાજકીય પાર્ટીઓની રેલીઓ અને રોડ શોમાં કોરોના ગાઈડલાઈનના જાહેરમાં ધજાગરા ઉડતા હતા; હજારોનાં ટોળાં ઊમટતાં હતા; જયારે લગ્ન જેવા સામાજિક પ્રસંગમાં મર્યાદિત સંખ્યાનો આદેશ પાળવો પડતો હતો. મતદાતા માટે તો એનો આક્રોશ વ્યક્ત કરવાની એક જ તક હોય છે - ચૂંટણી. કાં તો એ સત્તાધારી પાર્ટીની વિરુદ્ધ ઊમટી પડી વિપક્ષ તરફી વોટિંગ કરે અને અત્યારની સ્થિતિમાં જયારે વિપક્ષની વિશ્વસનીયતા જ નથી રહી - મત આપ્યા પછી અને ચૂંટાઈ ગયા પછી એ ક્યારે પાટલી બદલી નાખશે એની કોઈ જ ખાતરી નથી ત્યારે મતદાતા માટે ઘરે બેસી રહેવું અથવા 'નોટા'નું બટન દબાવવું એ જ વિકલ્પ રહે છે. પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસના ભાવોમાં સતત ઉછાળો વેઠી રહેલ મધ્યમ વર્ગનો મતદાતા ભારે અવઢવમાં છે. નવરંગ પુરા જેવા વોર્ડમાં ઓછું મતદાન બૌદ્ધિક વર્ગની ઉદાસીનતા સૂચવે છે. પરિણામ ભલે જે આવે તે, પણ શાસક કે વિપક્ષ કોઈએ હરખપદૂડા થઈ જવાની જરૂર નથી. મતદાતાએ એનો અણગમો વ્યક્ત કરીને બેઉને 'બિટવિન ધ લાઈન્સ' કહેવા જેવું કહી જ દીધું છે.

ગુજરાતની અસ્મિતા અને સંસ્કૃતિના શાશ્વત જયોતિર્ધર કવિ નર્મદ

અજવાળું - અજવાળું

તુષાર જોશી

'કોઈ પણ કાલખંડમાં જીવન માટે ઉપયોગી વાંચન કરવું હોય તો મહાનુભાવોની અનુભવવાણી જેવી એમની આત્મકથાઓ વાંચવી જોઈએ, નર્મદની આત્મકથા 'મારી હકીકત' ના વાંચન થકી એનો આરંભ કરો, કારણ કે તે ગુજરાતી ભાષાની સર્વપ્રથમ આત્મકથા છે.' એક ગુણીજન મુરબ્બીએ સાહજિક વાતોમાં કહ્યું અને મન ખેંચાયું નર્મદના જીવન-કવન-સાહિત્ય તરફ.

ગુજરાતની અસ્મિતા અને સંસ્કૃતિના શાશ્વત જયોતિર્ધરોમાં ગુજરાતી સાહિત્યના કવિ નર્મદનું અમૂલ્ય યોગદાન છે.

નર્મદની ઓળખ અવાર્ચીન ગુજરાતી કવિતાના પ્રણેતા અને જનક તરીકેની છે. જે તે સમયે અંધશ્રધ્ધા અને જ્ઞાતિના કુરિવાજોમાં ડૂબેલા સમાજને ઉગારવા માટે નર્મદે પ્રખર સુધારક તરીકે પુરુષાર્થ કર્યો. નાટ્યકલા, પત્રકારત્વ, નિબંધ, ઈતિહાસ જેવા વિવિધ ક્ષેત્રોમાં તેઓએ અસરદાર કામ કર્યું. કન્યા કેળવણીના હિમાયતી તરીકે તેઓએ નિભાવેલી ભૂમિકા પણ યાદગાર રહેશે.

નર્મદે ગુજરાતી સાહિત્યના ખોળે માથું મુકીને છેલ્લા શ્વાસ સુધી સાહિત્યમાં કામ કર્યું. એમની રચનાઓ દ્વારા ગુજરાતના જનજનમાં પ્રેમ-શૌર્ય અને સ્વદેશાભિમાન જેવા ગુણો સંવર્ધિત થયા. એક અર્થમાં ગુજરાતી ભાષાને મળેલા એક ખડતલ - જુસ્સેદાર કવિ હતા નર્મદ.

જન્મ થયો ૧૮૩૩ના ઓગસ્ટની ૨૪મી તારીખે વડનગરા વૈદિક નાગર બ્રાહ્મણ પરિવારમાં સુરત ખાતે. બાળપણ મુંબઈમાં વીત્યું. ૧૮૫૧માં શિક્ષક તરીકે કામ સંભાળ્યું. ૧૮૫૫માંમાં નોકરી છોડીને કલમને ખોળે માથું મૂક્યું. સમાજ સુધારાની પ્રવૃત્તિ કરી. ૧૮૬૪માં 'ડાંડીયો' શરૂ કર્યું. ધર્મ વિચારક, પુસ્તક પ્રકાશક, અનુવાદક તરીકે ખૂબ કામ કર્યું.

નર્મદે સ્વાતંત્ર્યપ્રેમ અને શૌર્યની કવિતા રચી. પોતાના દેશ માટે એમને હૈયે અપાર પ્રેમ હતો એથી તો લખ્યું

જેટલા દીસે છ માનવી હકો ઘણા ઘણા
મુખ્ય છે સ્વતંત્રતા નથી જ તેહમાં મણા

નોકરી છોડી અને કલમને ખોળે માથું મૂક્યા પછી અનેક વિપદાઓ અને કરૂણતાઓ એમના જીવનમાં પણ આવી, પરંતુ

ડગલું ભર્યું કે ના હઠવું
વેણ કાઢ્યું કે ના લટવું
એ ભાવને એ હંમેશાં વળગી રહ્યા.

ગુજરાતી કવિતાને ગુજરાત કોની, ગુજરાતીઓને ઉદબોધન જેવા શિરમોર કાવ્યો આપનાર નર્મદનું ગીત

જય જય ગરવી ગુજરાત
જન ઘૂમે નર્મદા સાથ

એ તો જાણે દેશ-વિદેશમાં રહેતા ગુજરાતીઓ માટે ગુજરાતનું રાષ્ટ્રગીત જ જાણે બની રહ્યું છે. નર્મદે ગદ્ય, પદ્ય, નિબંધ, નાટક જેવા ક્ષેત્રે અવિસ્મરણીય કાર્ય કર્યું. એમના પ્રદાન માટે ગાંધીજીએ કહ્યું હતું, 'નર્મદાશંકરને જે ગુજરાતી ન જાણે તે ગુજરાતી જ કેમ ગણાય? પણ ગીતાનો પૂજારી તો હું થઈ ચૂક્યો હતો. પણ નર્મદાશંકરના ગીતાના અનુવાદની પ્રસ્તાવનાએ મારી ગીતામાતાની ભક્તિ દેઢ કરીને નર્મદા શંકર પ્રત્યેનું મારું માન વધાર્યું.'

નર્મદની કવિતા તાજગીભરી અને એક ઘાએ બે ટકા કરનારી છે, ધારદાર છે, અર્વાચીન છે. નર્મદાની શોભા જોઈને એમણે લખ્યું

નર્મદા શું ગાઉં શોભા સાંજની ?
હાં રે પવન વાદળ રંગના સુમાજની.
મિત્રતાની વાત કરતા નર્મદ લખે છે,
સુખ-દુઃખોની વાતો બંને,
નહિ છાનું કંઈ કોની કને,
કોઈનું દિલ જહેં ના કહેવાય,
મિત્રચારી તહાં કહેવાય.

સાહિત્ય ક્ષેત્રે કાવ્ય પ્રવૃત્તિ થકી એકાદ દાયકો પ્રવૃત્ત રહ્યા પછી નર્મદે હંમેશને માટે પોતાની કલમ ગદ્યલેખન તરફ વાળી અઢી દાયકા જેટલો સમય ગદ્યક્ષેત્રે કામ કર્યું અને વહેમ, અંધશ્રદ્ધા, કુરિવાજ, રૂઢિઓ વગેરે સામે લડતા રહ્યા. ૧૮૬૦થી ૧૮૬૬ના સમયમાં ખુબ પુરુષાર્થ કરીને ભાષા સંશોધન અને કોશકાર તરીકે ચારભાગમાં નર્મકોશ પ્રસિદ્ધ કર્યા. નર્મદના સાહિત્યને વાંચીએ ત્યારે એમની કવિતાઓનું પઠન કરીએ ત્યારે લોખંડી મનોબળના આ કવિના દેશપ્રેમના - ભાષા પ્રેમના જાણે દીવડા પ્રગટે છે અને અજવાળા રેલાય છે.

ડર અંધારાથી નહીં, અંધારામાં રાખનારાઓથી લાગે છે

વિચારયાત્રા

ડો. જય ઓઝા

'ઉપયોગમાં આવવું' અને 'ઉપયોગ થઈ જવો', આ બંને તદ્દન ભિન્ન ઘટનાઓ છે.આપણા સમાજમાં ઘણા સજ્જનો ગાંઠનું ગોપીચંદન ઘસીને પણ કશી જ અપેક્ષા વગર બીજાને ખપ પડ્યે કામ લાગે છે. અણીના સમયે કામ લાગે છે. ચારે બાજુથી ભીંસ આવી પડી હોય,અને બીજો કોઈ માર્ગ જ ન સૂઝતો હોય,ત્યારે કોઈ ભગવાનનો માણસ પડખે ઊભો રહે એ ચમત્કાર જેવું જ લાગે છે.

જ્યારે બીજી એવી પરિસ્થિતિની વાત છે,જેમાં આપણને ખબર પણ ન પડે તેમ આપણો ઉપયોગ થઈ જતો હોય છે. કંઈ કેટલીય નવી નવી પેઢીઓની શરુઆત ખૂબ જ નાના પાયે થતી હોય છે, જેમાં આરંભના કર્મચારીઓ પોતાપણું સમજીને દિઅવસ-રાત એક કરીને લોહીનું પાણી કરી નાખીને ઉપર લાવે છે. જોવાની ખૂબી એ છે કે,પેઢી સંચાલકો પણ જ્યાં સુધી કામ હોય ત્યાં સુધી ચાંદ-તારા દેખાડી દેખાડીને જે તે નિષ્ઠાવાન પ્રામાણિક પરિશ્રમી કર્મચારીનો ઉપયોગ કરે રાખે છે,અને પછી 'જેવી ગરજ સરી કે વૈદ વેરી' પોતાનુ કામ પુરું થાય કે તુરંત જ 'હું' કોણ અને 'તું' કોણ જેવા ઘાટ ઘડાય જાય છે.

અને પછી મૂઢની જેમ કે ભોળાભાવે સ્વાર્પણથી કરેલી સેવાનું અવમૂલ્યન થતું જોઈને તે સમયની જે ટીસ પેલા પરગજુ માણસના હૃદયમાંથી ઊઠે છે,તે ટીસનો અવાજ ભલે ન આવે પણ તે ભલભલા કાળજા કંપાવી દેવા બરાબર છે.

કામ કઢાવી લેવામાં અને ઉપયોગ કરી લેવામાં આ દુનિયાના લોકોનો જોટો જડે તેમ નથી.

'છછૂંદર' જેવા છદ્મવેશી હિતૈષીઓથી તો ભગવાન બચાવે! છછૂંદરનો ગુણધર્મ છે કે- ફૂંક મારતું જાય અને બટકુ ભરતું જાય. ફૂક મારતુ જાય અને કરડતું જાય. માટે આવા છછૂંદર જેવા લોકોથી તો ઈશ્વર બચાવે! ઉપયોગ કરી લેવામાં કાબિલ એવા આ છછૂંદર જેવા લોકો વાસ્તવમાં સમાજનું ઘણું મોટું અહિત કરી નાખતા હોય છે.

કોઈ સમાજસેવી સંસ્થા હોય, કોઈ ટ્રસ્ટ હોય, મંડળ ચાલતું હોય,આ દરેક જગ્યાએ કામ કરવાવાળા કોઈ અને દેખાવ કરવાવાળા બીજા હોય છે. દોડી દોડીને પોતાના તન-મન-ધન હોમી દઈને કાર્યક્રમોને, મંડળને, સંસ્થાને ચલાવવા માટે રાત-દિવસ એક કરી દેનારા ઊપયોગાઈ ગયેલા પરિશ્રમી લોકો ખરા પ્રસંગે સાઈડલાઈન કરી દેવાતા હોય છે.

'ઉપયોગી થવું' 'નેકી કર દરિયા મે ડાલ' જેવા અગણિત અવતરણ આપણાં સાહિત્યમાં છે, તે માન્યું પરંતુ વાંધો ઉપયોગ કરી લેવાવાળા દંભી અને તકવાદી લોકો પરત્વે છે. 'આઘા રહેવું અને બાઘા રહેવું' એવા સિદ્ધાન્ત સાથે કામચોરી કરનારા લોકો માટે વધુ ગુસ્સો અને ઘૃણા ત્યારે આવે છે, જ્યારે શેક્યો પાપડ પણ ન તોડ્યો હોય અને કામનો બધો જશ પોતે લઈ જાય.

આપણી સ્વતન્ત્રતાની વેદીમાં અઢળક લોકો ખપી ગયા. જ્યારે તે વખતના જુવાળ વિશે વાંચીએ ત્યારે ખબર પડે કે, બરાબર ઉપયોગમાં લઈ લીધા પછી આજે તો કોઈ બીજા જ આઝાદી મેળવવાનો જશ ખાટી રહ્યું છે.

અરે! સામાજિક સંસ્થાઓ કે તેવા ત્રાહિત સંગઠનોની ક્યાં વાત કરવી .... ઘમાં પણ જ્યારે ઉપયોગ કરી જવાવાળા તકવાદીઓ મળી જાય ત્યારે આપણે અવાચક બની જઈએ છીએ.

'જમવામાં જગલો અને ફૂટાવામાં ભગલો' આ બધી કહેવતો કંઈ એમ ને એમ નહીં બની હોય! પરિવાર વિશાળ હોય પણ આપણે બધાએ ક્યાંક ને ક્યાંક જોયું હશે કે દરેક ઘરમાં આવા જગલાં અને ભગલાં હોય જ છે.

અરે! વડીના પાપડ તો અમારી વહુ જ સરસ બનાવે હો! અરે કાતરી તો અમારી વહુ જ સારી બનાવે હો! વારે-તહેવારે પ્રસંગે પરિવારનો જમાવડો થવાનો હોય ત્યારે તો આખું રસોડું જ વહુને સંભાળી લેવાનુ. અને પછી સીધા ભાણે જમવા પધારતી બીજી વહુઓ રસોડામાંથી ડ્રોઈંગરુમ સુધી માત્ર વાનગીઓ પીરસવામાં હાજર રહે... આવી શાણી વહુઓ જઈ જઈને જશ ખાટી જાય અને પેલી બિચારી પરસેવે નીતરતી રસોડામાં જ પડી રહે..

આવું જ ભાઈઓ વચ્ચે પણ થતું હોય છે. એક ભાઈ ખડા પગે દોડા-દોડ કરતો ઘસાઈ રહેતો હોય પણ, બહારગામ રહેતો અથવા માત્ર અતિથિની જેમ જ હાજર થતો ખરા દેખાડાના સમયે જ આવીને બદો જશ ખાટી જાય છે, અને વાંધો એ છે કે આ બધી રમત નિહાળતા વડીલો પણ 'ટેકન ફોર ગ્રાન્ટેડ' કરીને ઉપયોગ થઈ જનારાનો પક્ષ અણદેખ્યો કરીને ચૂપ બેસી રહે છે.

ખૂબ સાદી અને સરળ લાગતી આ વાતમાં કોઈ મોટી મોટી અઘરી ફિલોસોફી નથી, પણા આપણે બધાએ ક્યારેક ને ક્યારેક આવો ઉપયોગ થઈ જવા જેવો અનુભવ ચોક્કસ કર્યો જ હશે.

પરાકાષ્ટા આવી જાય તે હદ સુધી કોઈ આપણને વાપરે જ રાખે વાપરે જ રાખે,ત્યારે આપણે તોબા પોકારી ઉઠીએ છીએ... અને પછી બંને હાથ કાન ઉપર મૂકીને માથું આકાશ તરફ કરીને બરાડી ઉઠીએ છીએ- 'બસ! હવે બહું થયું....' આ ભાવ આવી ગયા પછી કદાચ આપણો કોઈ ઉપયોગ કરી લેવામાં સફળ નથી થતુ, પરંતુ અણીના સમયે કોઈને ઉપયોગી થવાનો સ્વભાવ પણ કુંઠિત થઈ જાય છે. સૂકા ભેગુ લીલું બળે તેમ... સારાઈની ભાવના પણ નામશેષ થઈ જાય છે. સંબંધ હંમેશા સુખી કરવા માટે બાંધવો, સુખી થવા માટે નહીં.

હજારો વખત આપણે સ્વયં જાણતા હોઈએ છીએ કે આપણો ઉપયોગ થઈ રહ્યો છે,પણ આપણી ભલમનસાઈ કે આપણી મજબૂરી ને લીધે આપણે સામેવાળાની કુચેષ્ટાને સહે રાખીએ છીએ.પણ જે દિવસે પાણી નાકથી ઉપર ગયું એટલે...

- jayuoza@gmail.com,
Mo.9898046488

ટેડ સોરેનસેનના શબ્દોના શણગારે કેનેડીના ભાષણોને ચિરંજીવ બનાવ્યા

આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

યાદ છે, દાયકાઓ પહેલાં બોલાયેલું એક વાક્ય, 'માય ફેલો અમેરિકન્સ, ડુ નોટ આસ્ક વ્હોટ યોર કન્ટ્રી કેન ડુ ફોર યુ, આસ્ક વ્હોટ કેન યુ ડુ ફોર યોર કન્ટ્રી...' અર્થાત રાષ્ટ્ર તમારા માટે શું કરી શકે એમ ન પુછો, તમે રાષ્ટ્ર માટે શું કરી શકો છો એમ પુછો. પ્રખર વકતા અને લેખક અમેરિકન પ્રમુખ જહોન એફ. કેનેડીના આ શબ્દો છે. પ્રત્યેક રાજપુરુષો કે મહાન વકતાઓની પાછળ તેમના ભાષણોનું લેખન કરતાં શબ્દવીરોની એક મજબૂત ટીમ હોય છે. જહોન એફ કેનેડીના પ્રવચનો સમસ્ત વિશ્વમાં અત્યંત આદરપૂર્વક સ્થાન પામ્યા છે. કેનેડીના સ્પીચ રાઈટર તરીકે ટેડ સોરેનસેનને આજે પણ દુનિયા ભૂલી શકી નથી. સામાન્ય રીતે રાજપુરુષોના વિચારોને આત્મસાત કરીને તેનું યોગ્ય શબ્દઘડતર કરીને જ સ્પીચ રાઈટર ભાષણનો પ્રાથમિક મુસદ્દો રજૂ કરતાં હોય છે. વિચારને યોગ્ય શબ્દોની પસંદગીથી ઢાળવાની સૌથી મહત્વપૂર્ણ જવાબદારી એમના શીરે હોય છે.



કાંઈપણ બોલતા પહેલાં હજારવાર વિચારીને બોલવું પણ બોલ્યા પછી વિચારવાનો કોઈ અર્થ નથી. શબ્દ જીભ દ્વારા બહાર નીકળે એટલે એ વાણી બને છે. વકતાની જીભ એના વિચારો અને પૃથક્કરણને અભિવ્યક્ત કરતા હોય છે. વિચક્ષણ રાજપુરુષોથી માંડીને બિઝનેસ ટાઈકુન્સના શબ્દો પથદર્શક બની જાય છે. મોહનદાસ કરમચંદ ગાંધીની ગાંધી બાપુ બનવા સુધીની સફરમાં એમના વિચારોને અભિવ્યક્ત કરતાં શબ્દોએ મોટો ભાગ ભજવ્યો છે. વાચક, વિચારક અને પ્રખર ચિંતક એવા લીંકન હોય કે પછી મેધાવી વ્યક્તિત્વના માલિક જહોન એફ કેનેડી હોય, આઈન્સ્ટાઈન હોય કે એ.પી.જે. અબ્દુલ કલામ હોય, અટલજી હોય, નરેન્દ્રભાઈ મોદી હોય કે બરાક ઓબામા હોય આ બધા જ મેધાવી રાજપુરુષોની વાણીએ જનસમુદાયને ચોક્કસ દિશામાં પ્રેરિત કરવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

ટેડ સોરેનસેનના લખાણોની વિશેષતા એ હતી કે, એમના વાક્યો ખૂબ ટૂંકા રહેતા. જેને પરિણામે વકતા તેને અસરકારક રીતે પ્રસ્તુત કરી શકતા. તેમણે લખેલી તમામ સ્પીચના શબ્દો ખૂબ સરળ અને સ્પષ્ટ છતાં ચોક્કસ રહેતાં. વિચારોનું ગાંભીર્ય અને તર્ક સુપેરે વ્યક્ત કરી શકતા. વાક્યો, શબ્દસમૂહ અને ફકરાઓની ગુંથણી સોરેનસેનની મજબૂત શક્તિ હતી. ક્યાં કેટલો અને કેવો વિરામ લેવો અને ક્યાં સડસડાટ ડાયલોગ બોલવો એનું ચિંતન સોરેનસેનના લખાણોમાં હંમેશા ઊભરી આવતું.

કેનેડીના સમયગાળા દરમિયાન સામાન્ય રીતે ૨૦ થી ૩૦ મિનિટની સ્પીચ રહેતી. મોટા ભાગે આ બધા ભાષણો ટૂંકા હતા પરંતુ ચોટદાર રહેતા. રાષ્ટ્રપતિ કેનેડી સોરેનસેનને તેમની ઈન્ટેલેક્ચ્યુઅલ બ્લડ બેંક તરીકે ઓળખાવતા. પુલીત્ઝર પ્રાઈઝ વિજેતા કેનેડીના પુસ્તક પ્રોફાઈલ ઈન કરેજમાં પણ સોરેનસેને સિંહફાળો આપ્યો છે. કેનેડીના વર્ષ ૧૯૬૨માં લખાયેલા પુસ્તક વી ચુઝ ટુ ગો ટુ ધ મુન તરીકે ખૂબ વખણાયેલા ભાષણનો પ્રારંભિક મુસદ્દો પણ સોરેનસેનની કલમે જ અવતર્યો હતો.

ટેડ ઉપર અબ્રાહમ લિંકનના વિચારોનો ખાસ્સો પ્રભાવ હતો. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ તરીકે જહોન એફ. કેનેડી આરુઢ થયા ત્યારે તેમણે સોરેનસેનને કહ્યું હતું કે, ૨૦મી સદી અગાઉના લિંકનના તમામ ભાષણોનો ઉંડાણથી અભ્યાસ કરવામાં આવે. જ્યારે સોરેનસેને લિંકનના ભાષણોનો અભ્યાસ કર્યો ત્યારે તેમને લાગ્યું કે, લિંકન એક સંવેદનશીલ, જાનદાર અને શાનદાર લેખક હતા. સોરેનસેન માનતા હતા કે જો અબ્રાહમ લિંકન રાજકીય ક્ષેત્રે ન હોત તો કદાચ બહુ મોટા ગજાના લેખક હોત.

કેનેડીના સમયગાળા દરમિયાન અમેરિકન રાષ્ટ્રપ્રમુખના ભાષણકાર અને સલાહકાર તરીકે સોરેનસેન લાઈમલાઈટમાં રહ્યા હતા. ક્યુબામાં સોવિયેત અણુમિસાઈલ્સ વિશે કે પછી કોલ્ડવોર સંદર્ભે, વિશ્વ શાંતિ અંગે કે પછી એશિયન કન્ટ્રીઝ અંગે, રાજકીય એકતા, દેશાભિમાન અને કર્મના સિદ્ધાંતો અંગે કેનેડીના વિચારોને ટેડ સોરેનસેને સુયોગ્ય શબ્દથી સજાવીને કેનેડીને પ્રસ્તુત કર્યા છે. પછી કેનેડીએ એની ધારદાર શૈલીમાં રજુ કર્યા.

ક્રિશ્ચન એ. સોરેનસેનના પરિવારમાં ૧૮૯૦માં નેબ્રાસ્કામાં ટેડ સોરેનસેનનો જન્મ થયો હતો. ટેડના પિતા ક્રિશ્ચન સોરેનસેન ડેનિશ અમેરિકન હતા અને માતા રશિયન યહુદી વંશના હતા. તેમના નાના ભાઈ ફીલીપ પાછળથી નેબ્રાસ્કાના લેફટનન્ટ ગવર્નર બન્યા હતા. નેબ્રાસ્કાની લિંકન યુનિવર્સિટીમાં ટેડે કાયદા સ્નાતક તરીકેની ડિગ્રી મેળવી હતી. ટેડ સોરેનસેનના વૈવાહિક જીવનમાં ઘણા ઉતાર ચઢાવ આવ્યા. વર્ષ ૧૯૪૯માં કેમિલા પાલ્મર સાથે એમણે સહજીવનની શરૂઆત કરી. કેમિલાએ એરિક, સ્ટીવન અને ફીલીપ ત્રણ પુત્રોને જન્મ આપ્યો. કેમિલા સાથેનું દામ્પત્યજીવન બહુ લાંબું ન ચાલ્યું અને તે છૂટાછેડામાં પરિણમ્યું ત્યારબાદ તેણે સારા અલબેરી સાથે લગ્ન કર્યા. તે પણ લાંબો સમય ન ચાલ્યા. અંતે તેણે ગીલિયન માર્ટીન સાથે લગ્ન કર્યા અને તે જીવ્યા ત્યાં સુધી ગીલિયન સાથે રહ્યા. ગીલિયને જુલિયટ દીકરી ટેડને આપી.

ટેડ સોરેનસેને ધ કેનેડી લેગસી, વોચમેન ઈન ધ નાઈટ, ડિસીશન : જહોન કેનેડી એન્ડ ધ ક્યુબન મિસાઈલ ક્રાઈસીસ, વાય આઈ એમ ધ ડેમોક્રેટ જેવા રસપ્રદ પુસ્તકો લખ્યા છે. રાષ્ટ્રપતિ જહોન એફ કેનેડી સાથેની તેમની નીકટતા અને વ્યક્તિગત સંબંધોની ઉષ્માને કારણે કેનેડીના વિચાર વિશ્વને સોરેનસેને અત્યંત તાર્કિક રીતે શબ્દોમાં ઉતાર્યું હતું. સોરેનસેનની એક વિશેષતા એ પણ હતી કે એ હંમેશા પ્રેક્ષક સમુહની કક્ષા મુજબ વિચારો વણી લેવાનું રાખતા. આ ઉપરાંત ટેડ હંમેશા સમયોચ